| | | | |
|---|---|---|---|
| ફાઈલ તારીખ | ૨૦/૦૬/૨૦૨૬ | | |
| નોંધણી તારીખ | ૨૦/૦૬/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૧૦/૦૭/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૦ | ૨૦ |

---

**મહેરબાન ભરૂચના ચોથા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભરૂચ**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૭૦/૨૦૨૬**

**આંક : – ૯**

**અરજદાર :– મુન્શી મોહમદ અઝીમ ઐયુબ,**
રહે.ઈ–૧૪૧૭, નાના નાગોરીવાડ,
ઘાસમંડાઈ, જી. ભરૂચ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :– ધ સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૩૮ મુજબ રીવીઝન અરજી.**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી એસ.એ.પટેલ
સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રી. કે.એન.ચાવડા

---

**–:: ચુકાદો ::–**

(૧) આ કામના અરજદારે સદરહું ફેરતપાસ અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૩૮ મુજબ દાખલ કરેલ છે અને તે દ્વારા ભરૂચના વિ. ત્રીજા એડી. સિનીયર સીવીલ જજ સાહેબશ્રીએ બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૧૧૧૯૯૦૧૨૨૫૦૨૬૦/૨૦૨૫ થી નોંધાયેલ બીએનએસની કલમ–૩૨૫, ૫૪ તથા પશુઓ પ્રત્યેની ઘાતકીપણુ

અટકાવવાની કલમ–૧૧(૧)(૧) તથા પ્રાણીઓની સાચવણી અંગેની કલમ–૫(૧)(૧એ), ૬બી(૧), ૬બી(૨), ૮(૧), ૮(૨), ૮(૩), ૮(૪) તથા ૧૦ મુજબના ગુન્હાના કામે કબજે લેવામાં આવેલ BOLERO PICKUP P S FB BS3, REG. NO. GJ-19-U-3644 વચગાળાની કસ્ટડીમાં પરત મેળવવાની અરજી તા. ૦૧–૦૬–૨૦૨૬ ના રોજ નામંજુર કરતો હુકમ કરેલ છે તે હુકમને પડકારેલ છે.

(૨) સદરહું અરજી રીવીઝનર તરફે દાખલ થતા સામાવાળાઓને નોટીસ કાઢવામાં આવેલી અને તે નોટીસના આધારે સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલા છે. સરકાર તરફે આંક–૭ થી વાંધા જવાબ રજુ કરેલ છે. અરજદાર તરફે વિ. વકીલશ્રી તથા સામાવાળા તરફે વિ. એ.પી.પી.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.. અરજદાર/આરોપી તરફે **આંક–૦૩** થી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા.

(૩) આ કામે અરજદાર તરફે વિ.વકીલશ્રીની રજુઆત છે કે, રીવીઝનરની માલિકીનું વાહન BOLERO PICKUP P S FB BS3, REG. NO. GJ 19 U 3644 તપાસ કરનાર અમલદારે કબજે કરી પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવેલું હોય અને સદર વાહન રીવીઝનરની આજીવીકાનું સાધન છે અને ઘણા સમયથી પોલીસ સ્ટેશનમાં ખુલ્લામાં રાખવામાં આવેલું હોય જેથી રીવીઝનર પાસે આ બોલેરો પીકઅપ સિવાય બીજી કોઇ રોજીરોટીનું સાધન ન હોય અને સદર વાહન કહેવાતા ગુન્હામાં પ્રથમ વખત કબજે કરવામાં આવેલું છે. રીવીઝનરની માલિકીનું વાહન જો વધુ સમય પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવશે તો તેના સ્પેરપાર્ટમાં કાટ લાગી જશે અને હાલમાં વરસાદની સીઝન હોય જેથી રીવીઝનરની માલિકીનું વાહન પોલીસ સ્ટેશનમાં પડી રહેવાથી તેના ટ્યુબ ટાયર તેની એસેસરીઝમાં નુકશાન થવાની પુરેપુરી સંભાવના હોય અને રીવીઝનરને ઉંડા નુકશાનમાં ઉતરવુ પડે તેમ છે. રીવીઝનર પાસે આ વાહન સિવાય બીજી કોઈ આજીવીકાનું સાધન ન હોય અને સદર વાહન ઉપર રિવિઝનરના પરિવારનું જીવનનિર્વાહ ચાલતુ હોય અને છેલ્લા એક વર્ષથી રીવીઝનર બેકારીમાં જીવન પસાર કરી રહયા હોય અને સદર ગુન્હાની

ચાર્જશીટ રજુ થઈ ગઈ છે અને સેસન્સ કમીટ થઇ ગયેલ હોય અને કેસ ચાલે તેમાં ઘણો લાંબો સમય પસાર થાય તેમ હોય અને રીવીઝનરને મુદ્દામાલ વાહન પરત કરવામાં ન આવે તો રીવીઝનરને ભુખે મરવાનો વારો આવે તેમ છે અને રીવીઝનરનુ વાહન તપાસ કરનાર અમલદારે કબજે કરવાથી રીવીઝનરની રોજીરોટીનું સાધન છીનવાઈ ગયુ છે કે આવક નથી કે આવકનું સાધન નથી. નામદાર સુપિમ કોર્ટ ઓફ ઈન્ડીયાએ સુંદરાલલ અંબાલાલ દેસાઇ વિરુધ્ધ ધી સ્ટેટ ઓફ ગુજરાતના સુપ્રસિધ્ધ કેસમાં ચુકાદામાં નામદાર સુપિમ કોર્ટ એ પોલીસ તપાસ દરમ્યાન પોલીસે જપ્ત કરેલ લીધેલા મુદ્દામાલની ચીજવસ્તુઓ વાહન, રોકડ, દાગીના વિગેરે સંબંધે આદેશાત્મક ડાયરેકશન અને ગાઇડલાઇન આપેલ છે અને એવું હેલ્ડ કરેલ કે, પોલીસે જપ્ત કરેલ કબજે લીધેલ મુદ્દામાલ વસ્તુ કોઈપણ સંજોગોમાં પોલીસે કસ્ટડીમાં ૩૦ દિવસથી વધુ લાંબો સમય માટે પોલીસ સ્ટેશનમાં પડી ન રહે તે માટે મેજી.કોર્ટ બી.એન.એસ.એસ. ની કલમ ૫૦૩ ની જોગવાઇઓ અન્વયે જેમ બને તેમ તાત્કાલીક પગલાં લઈ તેના માલિકને જરૂરી શરતો ગાડીને પરત આપી દેવા આદેશ આપેલ છે અને તેના માટે ભારતની દરેક રાજયની હાઇકોર્ટના રજીસ્ટ્રારને તેની ઉપર દેખરેખ આપવા સુચનો આપેલ છે. રીવીઝનરને મુદ્દામાલ વાહન નામદાર કોર્ટ આપવાનો હુકમ કરે તો તમામ શરતોનું પાલન કરવા રાજીખુશી અને તૈયાર છે. રીવીઝનર કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી સદર વાહન કોઇને તબદીલ કરશે નહી અને રીવીઝનરનુ વાહન ફરી આવા કહેવાતા ગુન્હામાં સંડોવાશે નહી તેની પુરેપુરી ખાત્રી આપે છે. વધુમાં રજુઆત કરેલ છે કે, રીવીઝનરને મુદ્દામાલ પરત કરવા માટે નામદાર કોર્ટ જેટલી રકમના બોન્ડ આપવાનું કહેશે તેટલી રકમના બોન્ડ આપવા પણ રાજીખુશી અને તૈયાર છે અને નામદાર કોર્ટ હુકમ કરે ત્યારે કોર્ટ સમક્ષ રીવીઝનર તેમની ગાડી રજુ કરવા રાજીખુશી અને તૈયાર છે. આમ, નામદાર કોર્ટની તમામ શરતોનું પાલન કરવા રાજીખુશી અને તૈયાર હોય જેથી રીવીઝનરને મુદ્દામાલ યોગ્ય શરતોને આધીન આપવા નામદાર કોર્ટને નમ્ર અરજ છે.

(૪) સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રીની રજુઆત છે કે, આ કામના આરોપીઓનાઓએ મોંજે ભઠીયારવાડ રજા મસ્જીદની સામે આરોપી મહમંદ સિધીક કુરેસીના કબ્જા ભોગવટાના મકાનની નીચે ભરૂચ ખાતે સિફા સર્કલથી હુસેનીયા તરફ જતા આવતા ખુલ્લા પોપડામાથી ગાયને કતલ કરવા માટે અરજદાર/આરોપી અજીમ ઐયુબભાઈ મુન્શીનાઓની સફેદ કલરની બોલેરો પીકઅપ રજી. નંબર GJ-19-U-3644માં લઈ આવી આરોપી નંબર ૧ થી ૫ નાઓએ ભેગા મળી ગાયની કતલ કરી પોતાના આર્થિક ફાયદા સારૂ ગૌમાંસ વજન ૩૫૦ કિલોગ્રામ વેચાણ કરવાના ઈરાદે રાખી ગંભીર પ્રકારનો ગુનો આચરેલ છે. જે કામે વાહન કબજે કરેલ હોય, વિ. ટ્રાયલ કોર્ટે કાયદા મુજબ જ અરજદારની અરજી નામંજુર કરેલ છે. જેમાં હસ્તક્ષેપ થવા પાત્ર નથી. જેથી વિ.ટ્રાયલ કોર્ટનો હુકમને કાયમ રાખવા રજુઆત કરેલ છે. વધુમાં સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રીનાઓએ પોતાની દલીલોના સમર્થનમાં નીચે મુજબનો નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓ રજુરાખેલ છે.

૧. **Vijaykumar Mahaveer Teli vs State Of Gujarat on 15 January, 2024, R/SPECIAL CRIMINAL APPLICATION (POSSESSION OF MUDDAMAL) NO. 4256 of 2023.** સદર ચુકાદામાં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે જયારે એક વખત સક્ષમ અધિકારીએ મુદદામાલ ખાલસા કરવાની કાર્યવાહી શરૂ કરી દીધેલ હોય ત્યારે સી.આર.પી.સી.ની કલમ-૪૫૧ મુજબ વિ. મેજિસ્ટ્રેટને હકુમત રહેતી નથી.

(૫) અરજદારની ફેરતપાસ અરજીની વિગત તથા તકરારી હુકમ વિગેરે ધ્યાને લેતાં ફેરતપાસ અરજીના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ભરૂચના વિ. ત્રીજા એડી. સીનીયર સીવીલ જજશ્રીનો તકરારી હુકમ ભુલ ભરેલો અને કાયદાની જોગવાઈઓ વિરૂધ્ધનો છે ? અને તે હુકમમાં હસ્તક્ષેપ કરવાની જરૂરીયાત છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણય અંગેના આ કોર્ટના કારણો નીચે મુજબ છે.

**-:: કાર ણો ::-**

**મુદ્દા નંબર : ૧ ની ચર્ચા:**

(૭) પક્ષકારોની રજુઆતો ધ્યાને લીધી તેમજ રીવીઝન અરજીની હકીકતો અને રજુ થયેલ કેસ પેપર્સ ધ્યાને લીધા. હાલની રીવીઝન અરજીના કામે રજુ થયેલ પેપર્સ વંચાણે લેતાં, આ કામના આરોપીઓનાઓએ મોંજે ભઠીયારવાડ રજા મસ્જીદની સામે આરોપી મહમંદ સિધીક કુરેસીના કબ્જા ભોગવટાના મકાનની નીચે ભરૂચ ખાતે સિફા સર્કલથી હુસેનીયા તરફ જતા આવતા ખુલ્લા પોપડામાથી ગાયને કતલ કરવા માટે અરજદાર/આરોપી અજીમ ઐયુબભાઇ મુન્શીનાઓની સફેદ કલરની બોલેરો પીકઅપ રજી. નંબર GJ-19-U-3644માં લઇ આવી આરોપી નંબર ૧ થી ૫ નાઓએ ભેગા મળી ગાયની કતલ કરી પોતાના આર્થિક ફાયદા સારૂ ગૌમાંસ વજન ૩૫૦ કિલોગ્રામ વેચાણ કરવાના ઈરાદે રાખી ગંભીર પ્રકારનો ગુનો આચરેલ હોવાનું જણાય છે.

ત્યારબાદ આ કામના અરજદારનાએ BOLERO PICKUP P S FB BS3, REG. NO. GJ 19 U 3644 વચગાળાની કસ્ટડીમાં મેળવવા માટે વિ.ટ્રાયલ કોર્ટમાં અરજી દાખલ કરતા, વિ.ટ્રાયલ કોર્ટે BOLERO PICKUP P S FB BS3, REG. NO. GJ 19 U 3644નો કબજો વચગાળાની કસ્ટડીથી પરત સોંપેલ નથી. વિ. ટ્રાયલ કોર્ટે પોતાના હુકમમાં નોંધેલ છે કે, " આરોપીઓ દ્વારા વાહનનો ઉપયોગ ગાયોની હેરાફેરી માટે કરવામાં આવેલ છે. તેવા સંજોગોમા કાયદાની કલમ: ૬(અ),૬(બ) મુજબનો આક્ષેપ હોવાનુ જણાય આવે છે. જેથી સદર કાયદામાં કરવામાં કરવામાં આવેલ જોગવાઈઓ મુજબ ગૌવંશ/ગાયોની હેરાફેરી આવેલ જોગવાઈઓ કરવા માટે જ્યારે વાહનનો ઉપયોગ કરવામાં આવેલ હોય ત્યારે તેવુ વાહન સરકારશ્રી દ્વારા સીઝ કરવાનુ રહે છે. "

હાલના તબકકે પશુ સંરક્ષણ અધિનિયમની નીચે મુજબની કલમો ધ્યાને લેવી જરૂરી જણાઇ આવે છે.

6A. Prohibition against transportation of specified animals for slaughter

( 1) No person shall transport or o□er for transport or cause to be transported any animal specied in sub-section (1A) of section 5 from any place within the State to any another place within the State for the purpose of its slaughter in contravention of the provisions of this Act or with the knowledge that it will be or is likely to be so slaughtered:Provided that a person shall be deemed to be transporting such animal for the purpose of slaughter unless contrary is proved thereto to the satisfaction of the concerned authority or officer by such person or he has obtained a permit under sub-section (2) for transporting animal for bona □de agricultural or animal husbandry purpose from such authority or officer as the State Government may appoint in this behalf.

(2)(a) A person may make an application in the prescribed form to the authority or officer referred to in sub-section (1) for grant of permit in writing for transportation of any animal specied in sub-section (1A) of section 5 from any place within the State to any another place within the State.

(b)If, on receipt of any such application for grant of permit, suchauthority is of the opinion that grant of permit shall not be

detrimental to the object of the Act, it may grant permit in such form and on payment of such fee as may be prescribed and subject to such conditions as it may thinkt to impose in accordance with such rules as may be prescribed.

***"6B. Prohibition against selling or buying beef or beef products:***

*(1) No person shall directly or indirectly sell, keep, store, transport, offer or expose for sell or buy beef or beef products in any form.*

*(2) Whenever any person transports or causes to be transported the beef or beef products, such vehicle or any conveyance used in transporting such beef or beef products along with such beef or beef products shall be liable to be seized by such authority or officer as the State Government may appoint in this behalf.*

*(3) The vehicle or any conveyance so seized under sub-section(2) shall stand forfeited to Government in the manner as may be prescribed.*

હાલના તબક્કે પશુ સંરક્ષણ નિયમો સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ છે. જેમાં નીચે મુજબનો નિયમ ધ્યાને લેવા જરૂરી જણાઈ આવે છે.

***"4A. Manner for forfeiture of vehicle under sub-section(3) of section 6A or sub-section (2) of section 6B of the Act.-***

***(b)*** *The Sub-Divisional Police Officer may make an order to confiscate such vehicle, conveyance, container and any other equipment seized under sub-section(3) of section 6A or sub-section(2) of section 6B of the Act.*

***(c)*** *No order confiscating any vehicle, conveyance, container other equipment shall be made under clause (b) without giving notice any in writing to the person from whom it is seized informing such of*

*the grounds on which it is proposed to confiscate and considering objections, if any :*

*Provided that, no order confiscating a vehicle, conveyance, container and any other equipment shall be made except, after giving a notice in writing to the registered owner thereof.*

***(d)** No such order confiscating vehicle, conveyance, container and any other equipment shall be made under clause(b), if the owner of the vehicle conveyance, container, and any other equipment proves to the satisfaction of the authorized officer that the same was used in carrying animal or beef or beef product without the knowledge or connivance of the owner, agents and person in the vehicle, conveyance, container and any other equipment if any, and each of them had taken all reasonable and necessary precautions against such use.*

***(e)(i)** Where the Sub-Divisional Police Officer, after passing an order of confiscation under clause(b), is of the opinion that it is expedient in the public interest so to do, may order the confiscated vehicle, conveyance, container and any other equipment to be sold by public auction.*

***(ii)** Where any confiscated vehicle, conveyance, container and any other equipment is sold as aforesaid, the proceeds thereof, after deduction of the expenses of any such auction or other incidental expenses, relating thereto, shall, where the order of confiscation made under rule(b) is set aside or annulled by the Court, be paid to the owner thereof or to*

*the person from whom it was seized as may be specified in such order.]"*

હાલના તબકકે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ–૫ ધ્યાને લેવી જરૂરી જણાઈ આવે છે.

**1** ***Section 5 of BNSS*** which reads as under:-

> *"**5. Saving.** Nothing contained in this Sanhita shall, in the absence of a specific provision to the contrary, affect any special or local law for the time being in force, or any special jurisdiction or power conferred, or any special form of procedure prescribed, by any other law for the time being in force."*

૭.૧ આમ, ઉપરોકત ચુકાદો ધ્યાને લેતાં, આરોપીઓ દવારા વાહનનો ઉપયોગ ગાયોની હેરાફેરી માટે કરવામાં આવેલ છે. તેવા સંજોગોમા કાયદાની કલમ: ૬(અ),૬(બ) મુજબનો આક્ષેપ હોવાનુ જણાય આવે છે. જેથી સદર કાયદામાં કરવામાં આવેલ જોગવાઈઓ મુજબ ગૌવંશ/ગાયોની હેરાફેરી આવેલ જોગવાઈઓ કરવા માટે જયારે વાહનનો ઉપયોગ કરવામાં આવેલ હોય ત્યારે તેવુ વાહન સરકારશ્રી ધ્વારા સીઝ કરવાનુ રહે છે. અરજદાર/આરોપી દવારા હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૩૮ હેઠળ મુદદામાલ BOLERO PICKUP P S FB BS3, REG. NO. GJ-19-U-3644 છોડાવવાની અરજી વિ. ટ્રાયલ કોર્ટે નામંજુર કરેલ હોય, કાયદાની જોગવાઈઓ મુજબ જો વિ.ટ્રાયલ કોર્ટના ચુકાદામાં કોઈ ભુલ કે ફાયદાની અનિયમિતતા કે ગેરકાયદેસરતા હોય તો જ વિ.ટ્રાયલ કોર્ટના હુકમમાં હસ્તક્ષેપ કરી શકાય છે. બીએનએસએસની ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતા જયારે સ્પેશીયલ એકટ હોય ત્યારે તેની જોગવાઈ અમલમાં રહે છે. હાલના કામે આંક–૮ થી રજુ પી.એસ.આઈ. ભરૂચ શહેર બી ડીવીઝનનો તા. ૮/૭/૨૦૨૫ ના રોજનો નાયબ પોલીસ અધિક્ષકશ્રી ભરૂચ વિભાગનાઓને હાલના કામે કબજે લીધેલ મુદદામાલ ખાલસા કરવાની કાર્યવાહી કરવા માટે જણાવેલ છે. જેથી કાયદાની ઉપરોકત જોગવાઈઓ તથા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી તરફે રજુ થયેલ ઉપરોકત ચુકાદો ધ્યાને લેતા

સદર વાહન બોલેરો અરજદારને પરત નહી સોંપવાનો વિ.ટ્રાયલ કોર્ટે જે હુકમ કરેલ છે તે પોતાની વિવેક બુધ્ધિની સત્તાનો ઉપયોગ કરીને કરેલ છે અને તેમાં કોઈ ગંભીર ભુલ કે કાયદાની અનિયમિતતા જણાઈ આવતી નથી, જેથી તે હુકમમાં હસ્તક્ષેપ થઈ શકે તેમ નથી. તેથી મુદ્દા નંબર : ૧ નો જવાબ 'નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નંબર : ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

(૧) અરજદારની હાલની ક્રિમી.રીવી. અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) ભરૂચના વિધ્વાન ત્રીજા એડીશ્નલ સીનીયર સીવીલ જજશ્રીનાઓએ બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૧૧૧૯૯૦૧૨૨૫૦૨૬૦/૨૦૨૫ થી નોંધાયેલ બીએનએસની કલમ-૩૨૫, ૫૪ તથા પશુઓ પ્રત્યેની ઘાતકીપણુ અટકાવવાની કલમ-૧૧(૧)(૧) તથા પ્રાણીઓનીસાચવણી અંગેની કલમ-૫(૧)(૧એ), ૬બી(૧), ૬બી(૨), ૮(૧), ૮(૨), ૮(૩), ૮(૪) તથા ૧૦ મુજબના ગુન્હાના કામે કબજે લેવામાં આવેલ BOLERO PICKUP P S FB BS3, REG. NO. GJ 19 U 3644 વચગાળાની કસ્ટડીમાં પરત મેળવવાની અરજી અન્વયે તા. ૦૧/૦૬/૨૦૨૬ ના રોજ નામંજુર કરતો હુકમ કરેલ છે તે હુકમ કાયમ રાખવામાં આવે છે.

(૩) આ હુકમની એક નકલ વિ.ટ્રાયલ કોર્ટને તાત્કાલીક મોકલી આપવી.

આ હુકમ આજ **તા. ૧૦ મી, માહે : જુલાઇ, સને : ૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૦/૦૭/૨૦૨૬
સ્થળ : ભરૂચ

**(વી.બી.રાજપુત)**
ચોથા એડીશનલ સેસન્સ જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૬૯૨)**

બી.ડી.દવે